<table>
<tr><td rowspan="5"></td><td rowspan="5">सत्य मेव जयते</td><td>પ્રાપ્તિ તારીખ</td><td colspan="3">૨૯/૦૧/૨૦૧૮</td></tr>
<tr><td>દાખલ તારીખ</td><td colspan="3">૨૯/૦૧/૨૦૧૮</td></tr>
<tr><td>ફેંસલ તારીખ</td><td colspan="3">૦૨/૧૨/૨૦૨૫</td></tr>
<tr><td>સમયગાળો</td><td>દિવસ</td><td>માસ</td><td>વર્ષ</td></tr>
<tr><td></td><td>૦૪</td><td>૧૦</td><td>૦૭</td></tr>
</table>

ફોજદારી કેસ નં. ૭૫૦/૨૦૧૮

આંક

## ફોર્મ–એ

<table>
<tr><td colspan="2">ત્રીજા એડીશનલ સીવીલ જજ અને જે.એમ.એફ.સી.(એફ.એન.સોલંકી)સાહેબશ્રીની કોર્ટમાં ગાંધીનગર.<br>ફોજદારી કેસ નંબર–૭૫૦/૨૦૧૮<br>હુકમ તારીખ–૦૨/૧૨/૨૦૨૫<br>(એફ.આઈ.આર /ગુના રજી.નંબર–૨૮૪/૨૦૧૭/અડાલજ પોલીસ સ્ટેશન )</td></tr>
<tr><td>ફરીયાદી</td><td>શ્રી સરકાર</td></tr>
<tr><td>ફરીયાદ પક્ષે વિધ્વાન વકીલશ્રી</td><td>એ.પી.પી.શ્રી ચિરાગભાઇ પી. દવે</td></tr>
<tr><td>આરોપી</td><td>૧) શૈલેષભાઇ ભેરૂલાલ લબાના<br>૨) મીથુન દીલીપભાઇ દરજી<br>હાલ રહે.થલતેજ સિધુભવન ઔડાના મકાન મ.નં.૧૨૦૪ અમદાવાદ.<br>મુળ રહે. પીઠ ગામ તા.સીમલવાડા જી.ડુગરપુર રાજય રાજસ્થાન.</td></tr>
<tr><td>આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી</td><td>એસ.કે.મકવાણા</td></tr>
</table>

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.૨૧/૧૨/૨૦૧૭ |
| એફ.આઈ.આર ની તારીખ | તા.૦૮/૦૧/૨૦૧૭ |
| ચાર્જશીટની તારીખ | તા.૨૯/૦૧/૨૦૧૮ |

| | |
|---|---|
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | તા.૧૧/૧૦/૨૦૧૯ |
| પુરાવો શરૂ થયા તારીખ | તા.૨૫/૧૧/૨૦૨૨ |
| હુકમ પર લીધા તારીખ | તા.૦૪/૧૧/૨૦૨૫ |
| હુકમની તારીખ | તા.૦૨/૧૨/૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ | ... |

## આરોપીની વિગતો

| આરોપી નો ક્રમ | આરોપી નું નામ | ધરપકડ તારીખ | જામીન મુકત થયા તારીખ | આક્ષેપિત ગુનાની વિગત | નિર્દોષ કે તકસીરવાર | સજાની વિગત | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ના કામે જેલમાં રહયા અંગેની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| ૧)<br>૨) | શૈલેષભાઇ ભેરૂલાલ લબાના<br>મીથુન દીલીપભાઇ દરજી | તા.૨૧/ ૧૨ /૨૦૧૭ | તા.૨૧/ ૧૨ /૨૦૧૭ | પ્રોહી એકટ કલમ–૬૫ (એ)(ઇ), ૧૧૬(બી) ,૮૧, ૯૮(૨) | નિર્દોષ | ––– | –– |

| ફોર્મ–સી | | | |
|---|---|---|---|
| **ફરીયાદપક્ષના સાહેદો** | | | |
| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
| ૧ | ૧૩ | ફરીયાદી દલપતસિંહ બાબુસિંહ સોલંકીની જુબાની | મૌખીક |
| ૨ | ૧૮ | સાહેદ નરેન્દ્રકુમાર ગણપતલાલ નાયકની જુબાની | મૌખીક |
| ૩ | ૧૯ | સાહેદ ખુમાનસિંહ જશવંતસિંહ ચૌહાણની જુબાની | મૌખીક |

| ફરીયાદ પક્ષના આંકે પાડેલા પુરાવાની વિગત |
|---|

| એ.ફરીયાદ પક્ષ | | |
|---|---|---|
| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
| ૧ | ૧૪ | ફરીયાદ |
| ૨ | ૨૦ | પંચનામુ |

## // **ચુ કા દો** //

**૧.** આ કામે ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા. ૨૧/૧૨/૨૦૧૭ના કલાક ૨૨:૪૫ વાગ્યે મોજે ખોરજ અદાણી શાતીગ્રામ કટ પાસે ટી.વી.એસ કંપનીનું વીકટર બ્લયુ કલરનું જેનો નંબર આર.જે.૧૨ એસ.આર.૪૫૧૭ ઉપર ગેરકાયદેસર અને વગરપાસ પરમીટે વિદેશી દારૂની બોટલ નંગ ૪ કિં.રૂ.૧૬૦૦/– નો રાખી પકડાઇ જઇ ગુનો કર્યા બાબતે તેઓની વીરુધ્ધ કાયદેસર થવા ફરીયાદીએ ફરીયાદ હકીકત આપતા અડાલજ પોલીસ સ્ ટેશનમા પ્રોહી પાર્ટ સી ગુના રજીસ્ટર નંબર ૨૮૪/૨૦૧૭ થી ગુનો નોંધાયેલ અને તપાસ કરનાર અધીકારીએ તપાસ પુર્ણ થયા બાદ આરોપી વીરુધ્ધ ગુજરાત નશાબંધી ધારા ની કલમ ૬૫ (એ)(ઇ),૧૧૬(બી) ,૮૧,૯૮(૨) મુજબના ગુન્હાનુ ચાર્જશીટ અત્રેની કોર્ટ મા રજુ કરેલ.

**૨. ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૦ અન્વયે તહોમતનામા અંગે :–**

આ કામે આરોપી વીરુધ્ધ ચાર્જશીટ દાખલ થતા, આ કામના આરોપીને સમન્સની ધોરણસર બજવણી થતાં તેઓ મુદતે કોર્ટમાં હાજર થયેલાં છે, અને તેઓને પોલીસ પેપર્સની નકલો ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૦૭ મુજબ વીના મુલ્યે પૂરી પાડવામાં આવેલ છે, તેઓની વિરૂધ્ધના ગુન્હા સબબ વિચારણા કરવા માટે પૂરતો સમય આપવામાં આવેલ છે ત્યારબાદ આંક–૦૬ અને આંક–૦૭ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલ હોય કેસ કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ.

**૨.૧ પક્ષકારો તરફે રજુ પુરાવાઃ –**

ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૪૨ અન્વયે ઉપરોકત મુજબના દસ્તાવેજી તથા મૌખીક પુરાવા રજુ કરેલા છે.

**૨.૨ ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૧૩ મુજબ આરોપીનુ વિશેષ નીવેદન**

ફરીયાદપક્ષના પુરાવા બાદ વિધ્વાન એ.પી.પી.શ્રી દ્વારા તેઓ નો પુરાવો પુર્ણ કર્યા ની મૌખીક રજુઆત કરતા આ કામ આરોપી પક્ષે તેઓનુ વીશેષ નીવેદન ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ, ૩૧૩ મુજબ નોંધવા હેતુ રાખવામા આવેલ અને આરોપીનુ વિશેષ, નિવેદન નોંધવામાં આવેલ છે. જેમા પોતાના પક્ષે કોઈ સાહેદ ચકાસવા ના હોય તથા પુરાવા રજુ કરવા ના હોવાનુ જાહેર કરેલ હોય,આ રીતે બચાવ પક્ષે તેઓના બચાવમા મૌખીક અને દસ્તાવેજી પુરાવા રજુ કરવામા આવેલ નથી.

૩. **<u>ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૧૪ મુજબ પક્ષકારો તરફે દલીલ</u>**

પ્રોસીકયુશન તરફે એ.પી.પી.શ્રીએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના આરોપી પોતાના આર્થિક ફાયદા સારૂં ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂ રાખેલ હોઇ સમાજમાં ઉદાહરણ રૂપ દાખલો બેસે તેવી મહતમ સજા કરવા દલીલો કરતા જણાવેલ છે કે, આરોપી તરફે દલીલ કરતા જણાવેલ છે. કે, તેઓએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી કે આચરેલ નથી. તેઓને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે. અને ખોટી ચાર્જશીટ રજુ કરેલ છે. તેઓ તદન નિર્દોષ છે. આથી તેઓને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે.

૪. **<u>ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ નીર્ણય અંગેના મુદદા</u>**:–

આ કામે પક્ષકારો તરફે ઉપરોકત રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા સરકાર પક્ષે વિધ્વાન એ.પી.પી. શ્રીની રજૂઆત સમક્ષમાં લેતા, આ કેસના આખરી નિર્ણય માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

**<u>:: મુદ્દા ::</u>**

**૧.** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા. ૨૧/૧૨/૨૦૧૭ના કલાક ૨૨:૪૫ વાગ્યે મોજે ખોરજ અદાણી શાતીગ્રામ કટ પાસે ટી.વી.એસ કંપનીનું વીકટર બ્લયુ કલરનું જેનો નંબર આર.જે.૧૨ એસ.આર.૪૫૧૭ ઉપર ગેરકાયદેસર અને વગરપાસ પરમીટે વિદેશી દારૂની બોટલ નંગ ૪ કિં.રૂ.૧૬૦૦/– નો પકડાઇ જઇ ગુજરાત નશાબંધી ધારા ની કલમ –૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શુ હુકમ ?

૪.૧ ઉપરોકત મુદાઓ અંગેના ન્યાયિક નિર્ણયો માટેના કારણો નીચે મુજબના છે.

મુદ્દા નંબર–૧ઃ– નકારાત્મક.
મુદ્દા નંબર– ૨ઃ–આખરી હુકમ મુજબ.

૫. ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

**:: નિર્ણયો અંગેના કારણો ::**

**મુદ્દા નંબર– ૧ :–**

૬. હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૧૩ થી ફરીયાદી દલપતસિંહ બાબુસિંહ સોલંકીનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, તેઓ સને ૨૦૧૭ માં અડાલજ પો.સ્ટે. ખાતે હે.કો. તરીકે ફરજ બજાવતો હતો અને તે વખતે ગઇ તા. ૨૧/૦૨/૨૦૧૭ ના રોજ તેઓના પી.એસ.આઇ. ચૌહાણ સાહેબ તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો સાથે પોસ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે વખતે તેઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે ખોરજ અદાણી શાંતીગ્રામ બાજુ બે ઇસમો બાઇક નં. આર.જે.૧૨ એસ.આર.૪૫૧૭નું લઇ વિદેશી દારૂ સાથે આવનાર છે. જેથી તેઓના પી.એસ.આઇ.શ્રીને જાણ કરતા, તેઓએ બે પંચોના માણસ બોલાવી હકીકત ની જાણ કરી પંચોના માણસો તથા પોલીસ સ્ ટાફના માણસો સદર વાહનની વોચમાં ગોઠવાયેલ. ત્યારબાદ ઉપરોકત નંબરવાળુ બાઇક નજીક આવતા તેને અટકાવી, તેના પર બેસેલ બંને ઇસમોને નીચે ઉતારી પંચો રૂબરૂ ઝડતી તપાસ કરતા, બાઇક ચાલકના પેન્ટના આગળના ભાગે શર્ટની અંદરથી વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની બોટલો નંગ–૪ મળી આવેલ. જે ઇસમનુ પંચો રૂબરૂ નામઠામ પુછતા, તેણે પોતાનુ નામ શૈલેષ ભેરૂલાલ લબાના રહે. સીધુભવન, ઔડાના મકાન નં.૧૨૦૪ નો હોવાનુ જણાવેલ તથા બાઇકના પાછળ બેસેલ ઇસમનુ નામ ઠામ પુછતા તેણે પોતાનુ નામ મીથુન દીલીપભાઇ દરજી રહે.

ઉપરોકત સરનામાવાળો હોવાનુ જણાવેલ ઉપરોકત ઇસમો પાસેથી મળી આવેલ બોટલો કંપની સીલબંધ હાલતમાં મળી આવેલ અને તે અંગે પાસ– પરમીટ માંગતા નહી હોવાનુ તેઓએ જણાવેલ. જેથી તેઓની સાથેના પી.એસ.આઇ.શ્રૃ. એ વિદેશી દારૂની બોટલ તથા ઉપરોકત નંબર વાળુ ડીસ્કવર બાઇક તપાસના અર્થે કલાક ૨૨:૦૦ થી ૨૨:૪૫ દરમ્યાન પંચનામુ કરી કબજે લીધેલુ. આ અંગે બંને આરોપીઓ વિરૂધ્ધ તેઓએ ગેરકાયદેસર રીતે દારૂ રાખવા અંગેની તેઓએ ફરીયાદ આપેલી. તેઓને ફરીયાદ બતાવતા તેમા તેઓની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. આ કામના બંને આરોપીઓને તેઓ જોયેલા હોય, જોયેથી ઓળખે છે.

ત્યારબાદ, આરોપીઓના વિ.વ.શ્રી દવારા ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, આશરે નવેક વાગે તેઓને બાતમી મળેલી. તેઓ પી.એસ.આઇ. ચૌહાણ સાહેબ, નરેન્દ્રભાઇ ગણપતભાઇ અને તેઓ એમ ત્રણ જણા પેટ્રોલીગમાં હતા. તેઓને ખાનગી વાહનમાં નીકળેલા.અને કયુ વાહન લઇને ગયેલા હતા તે બાબતે કોઇ હકીકત તેઓની ફરીયાદમાં નથી. પોલીસ સ્ટેશનમાં આ બાબતે કોઇ નોંધ કરેલ નહી. બનાવવાળી જગ્યાએ તેઓ ત્રણે જણા નવ વાગે જ સ્થળ પર પહોંચેલા. સાહેદ જણાવે છે કે તેઓ તે જ વિસ્તારમાં હતા અને બાતમી મળેલી હતી. અને બનાવવાળી જગ્યા મેઇન હાઇવે રોડ છે અને વાહનોની અવર જવર ચાલુ હોય છે. અને બનાવવાળી જગ્યાની આજુબાજુ ગલ્લા આવેલા છે. અને તેઓની ફરીયાદમાં મુદામાલનો બેંચ નંબર બતાવેલ નથી. તેઓની ફરીયાદમાં પંચોના નામ સરનામા બતાવેલ નથી. એ વાત અસ્વીકારેલ છે કે, તેઓની હાજરીમાં કોઇ પંચનામુ થયેલ નથી. એ વાત સ્વીકારેલ છે કે, મુદામાલ તેઓની હાજરીમાં એફ.એસ.એલ.માં મોકલેલ હોય તેવું બનેલ નથી. એ વાત અસ્વીકારેલ છે કે, તેઓને કોઇ બાતમી મળેલ નથી કે તેઓ આવી કોઇ રેડમાં ગયેલ નથી. અને તેઓની હાજરીમાં કોઇ મુદામાલ કબજે લીધેલ નથી. અને તેઓ હાલની ફરીયાદ તેઓના પી.એસ.આઇ. ના કહેવાથી આપેલ છે અને કહેવાતો કોઇ બનાવ બનેલ ન હોવા છતાં, ખોટી ફરીયાદ આપેલ છે. તેઓ બનાવવાળી જગ્યાએ આશરે પોણો કલાક રોકાયેલા એ વાત સ્વીકારેલ છે કે, બનાવ સમયે અંધારુ હતું.

૭. હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૧૮ થી સાહેદ તરીકે નરેન્દ્રકુમાર ગણપતલાલ નાયકનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ

જણાવે છે કે, તેઓ સને ૨૦૧૭ માં અડાલજ પો.સ્ટે. ખાતે એ.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતો અને તે વખતે ગઇ તા. ૨૧/૧૨/૧૭ ના રોજ તેઓના પી.એસ.આઇ ચૌહાણ સાહેબ તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો સાથે પોસ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે વખતે તેઓની સાથેના દલપતસિંહનાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે ખોરજ અદાણી શાંતીગ્રામ બાજુ બે ઇસમો બાઇક નં. આર.જે. ૧૨ એસ.આર. ૪૫૧૭ નું લઇ વિદેશી દારૂ સાથે આવનાર છે. જેથી તેઓના પી.એસ.આઇ.શ્રીને જાણ કરતા, તેઓએ બે પંચોના માણસો બોલાવી હકીકત ની જાણ કરી પંચોના માણસો તથા પોલીસ સ્ટાફના માણસો સદર વાહનની વોચમાં ગોઠવાયેલ. ત્યારબાદ ઉપરોકત નંબરવાળુ બાઇક નજીક આવતા તેને અટકાવી, તેના પર બેસેલ બંને ઇસમોને નીચે ઉતારી પંચો રૂબરૂ ઝડતી તપાસ કરતા, બાઇક ચાલકના પેન્ટના આગળના ભાગે શર્ટની અંદરથી વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની બોટલો નંગ–૪ મળી આવેલ. જે ઇસમનુ પંચો રૂબરૂ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ શૈલેષ ભેરૂલાલ લબાના રહે. સીધુભવન, ઔડાના મકાન નં. ૧૨૦૪ નો હોવાનુ જણાવેલ. તથા બાઇકના પાછળ બેસેલ ઇસમનુ નામ ઠામ પુછતા તેણે પોતાનુ નામ મીથુન દીલીપભાઇ દરજી રહે. ઉપરોકત સરનામાવાળો હોવાનુ જણાવેલ. ઉપરોકત ઇસમો પાસેથી મળી આવેલ બોટલો કંપની સીલબંધ હાલતમાં મળી આવેલ અને તે અંગે પાસ–પરમીટ માંગતા નહી હોવાનુ તેઓએ જણાવેલ જેથી તેઓ સાથેના પી.એસ.આઇ.શ્રીએ વિદેશી દારૂની બોટલ તથા ઉપરોકત નંબ ર વાળુ ડીસ્કવર બાઇક તપાસના અર્થે કલાક ૨૨:૦૦ થી ૨૨:૪૫ દરમ્યાન પંચનામુ કરી કબજે લીધેલુ. આ અંગે બંને આરોપીઓ વિરૂધ્ધ હે.કો. દલપતસિંહનાઓએ ગેરકાયદેસર રીતે દારૂ રાખવા અંગેની ફરીયાદ આપેલી. બનાવ સંબંધે તપાસ કરનાર અમલદારે તેઓનો જવાબ લીધેલો. આ કામે બંને આરોપીઓને તેઓ જોયેલા હોય, જોયેથી ઓળખી શકે.

ત્યારબાદ, આરોપીઓના વિ.વ.શ્રી દવારા સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, આશરે નવેક વાગે તેઓને બાતમી મળેલી. તેઓ પી.એસ.આઇ. ચૌહાણ સાહેબ, દલપતસિંહ અને તેઓ એમ ત્રણ જણા પેટ્રોલીગમાં હતા. તેઓને ખાનગી વાહનમાં નીકળેલા.અને કયુ વાહન લઇને ગયેલા હતા તે બાબતે કોઇ હકીકત તેઓની ફરીયાદમાં નથી. પોલીસ સ્ટેશનમાં આ બાબતે કોઇ નોંધ કરેલ નહી. બનાવવાળી જગ્યાએ તેઓ ત્રણે જણા નવ વાગે જ સ્થળ પર પહોંચેલા. સાહેદ જણાવે છે કે તેઓ તે જ વિસ્તારમાં હતા અને બાતમી મળ

ેલી હતી. અને બનાવવાળી જગ્યા મેઇન હાઇવે રોડ છે અને વાહનોની અવર જવર ચાલુ હોય છે. અને બનાવવાળી જગ્યાની આજુબાજુ ગલ્લા આવેલા છે. અને તેઓની ફરીયાદમાં મુદ્દામાલનો બેંચ નંબર બતાવેલ નથી. તેઓની ફરીયાદમાં પંચોના નામ સરનામા બતાવેલ નથી. એ વાત અસ્વીકારેલ છે કે, તેઓની હાજરીમાં કોઇ પંચનામુ થયેલ નથી. એ વાત સ્વીકારેલ છે કે, મુદ્દામાલ તેઓની હાજરીમાં એફ.એસ.એલ.માં મોકલેલ હોય તેવું બનેલ નથી. એ વાત અસ્વીકારેલ છે કે, તેઓને કોઇ બાતમી મળેલ નથી કે તેઓ આવી કોઇ રેડમાં ગયેલ નથી. અને તેઓની હાજરીમાં કોઇ મુદ્દામાલ કબજે લીધેલ નથી. અને તેઓ હાલની ફરીયાદ તેઓના પી.એસ.આઇ. ના કહેવાથી આપેલ છે અને કહેવાતો કોઇ બનાવ બનેલ ન હોવા છતાં, ખોટી ફરીયાદ આપેલ છે. તેઓ બનાવવાળી જગ્યાએ આશરે પોણો કલાક રોકાયેલા એ વાત સ્વીકારેલ છે કે, બનાવ સમયે અંધારુ હતું.

૮. હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૧૯ થી સાહેદ ખુમાનસિંહ જશવંતસિંહ ચૌહાણનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, સને ૨૦૧૭ માં તેઓ અડાલજ પો.સ્ટે. ખાતે પી.એસ.આઇ તરીકે ફરજ બજાવતો હતો તે વખતે ગઇ તા. ૨૧/૧૨/૧૭ ના રોજ તેઓ તથા હે.કો. દલપતસિંહ તેમજ બીજા પોલીસ સ ટાફના માણસો અડાલજ પો. સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે વખતે તેઓની સાથેના હે.કો. દલપતસિંહને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે ખોરજ અદાણી શાંતીગ્રામ બાજુ બે ઇસમો બાઇક નં. આર.જે. ૧૨ એસ.આર. ૪૫૧૭ નું લઇ વિદેશી દારૂ સાથે આવનાર છે. જેથી તે બાબતે તેઓને જાણ કરતા તેઓએ બે પંચોના માણસો બોલાવી હકીકત ની જાણ કરી પંચોના માણસો તથા પોલીસ સ્ટાફના માણસો સદર વાહનની વોચમાં ગોઠવાયેલ. ત્યારબાદ ઉપરોકત નંબરવાળુ બાઇક નજીક આવતા તેને અટકાવી, તેના પર બેસેલ બંને ઇસમોને નીચે ઉતારી પંચો રૂબરૂ ઝડતી તપાસ કરતા, બાઇક ચાલકના પેન્ટના આગળના ભાગે શર્ટની અંદરથી વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની બોટલો નંગ–૪ મળી આવેલ. જે ઇસમનુ પંચો રૂબરૂ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ શૈલેષ ભેરૂલાલ લબાના રહે. સીધુભવન, ઔડાના મકાન નં. ૧૨૦૪ નો હોવાનુ જણાવેલ. તથા બાઇકના પાછળ બેસેલ ઇસમનુ નામ ઠામ પુછતા તેણે પોતાનુ નામ મીથુન દીલીપભાઇ દરજી રહે. ઉપરોકત સરનામાવાળો હોવાનુ જણાવેલ. ઉપરોકત ઇસમો પાસેથી મળી

આવેલ બોટલો કંપની સીલબંધ હાલતમાં મળી આવેલ અને તે અંગે પાસ–પરમીટ માંગતા નહી હોવાનુ તેઓએ જણાવેલ જેથી તેઓએ વિદેશી બોટલ તથા ઉપરોકત નંબ ૨ વાળુ ડીસ્કવર બાઇક તપાસના અર્થે કલાક ૨૨:૦૦ થી ૨૨:૪૫ દરમ્યાન પંચનામુ કરી કબજે લીધેલુ. આ અંગે બંને આરોપીઓ વિરૂધ્ધ હે.કો. દલપતસિંહનાઓએ ગેરકાયદેસર રીતે દારૂ રાખવા અંગેની ફરીયાદ આપેલી. ફરીયાદ તેઓને બતાવતા જોઇને કહે છે કે તે તે જ છે. આ કામે બંને આરોપીઓને તેઓ જોયેલા હોય, જોયેથી ઓળખે છે. સદર કામે ફરીયાદ તથા પંચનામા સહીત અન્ય સાધનીક કાગળો ગુનો રજીસ્ટર થવા સારૂ પી.એસ.ઓ. તરફ મોકલી આપતા, તેઓએ સદર ફરીયાદ પ્રોહી ગુ.ર.નં.૨૮૪/૨૦૧૭, પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧,૯૮(૨) મુજબ દાખલ કરેલી અને આ ગુનાની આગળની વધુ તપાસ તેઓને સોપેલી, જે તપાસ તેઓએ સંભાળી લીધેલી સદર કામે તેઓએ સાથે રહેલા પોલીસ સ્ટાફના નિવેદનો લીધેલા તથા આરોપીઓને પુછપરછ કરી તેઓને તા.૨૧/૧૨/૨૦૧૭ ના રોજ કલાક ૨૨–૪૫ વાગે અટક કરી નામ.કોર્ટમાં રજુ કરેલા તેઓને આ કામે કરવામાં આવેલ પંચનામુ બતાવતા જે તેઓની રૂબરૂ પંચોએ લખાવેલ તે મુજબ લખવામાં આવેલ છે. અને તેમા પંચોએ તેઓ રૂબરૂ સહી કરેલી અને બાદ તેઓએ રૂબરૂપણામાં તેઓની સહી કરેલી તેઓ તપાસ દરમિયાન આ કામના આરોપીઓની સામે ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગર વિદેશી દારૂ રાખી લઇ જતા હોવાનુ ખુલવા પામેલ. જે થી પુરતો પુરાવો હોવાથી આરોપીઓની સામે હાલનુ ચાર્જશીટ કરેલ. ચાર્જશીટમાં તેઓની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે.

ત્યારબાદ, આરોપીઓના વિ.વ.શ્રી દવારા સદર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, બાતમી તેઓને મળેલ નથી. તેઓ તથા હે.કો.દલપતસિંહ, નરેન્દ્રભાઇ ગણપતભાઇ એમ ત્રણ જણા પેટ્રોલીંગમાં હતા. તેઓને ખાનગી વાહનમાં નીકળેલા કયુ વાહન લઇને ગયેલા હતા તે બાબતે કોઇ હકીકત તેઓની ફરીયાદમાં નથી. પોલીસ સ્ટેશનમાં આ બાબતે કોઇ નોંધ કરેલ નહી. બનાવવાળી જગ્યાએ તેઓ ત્રણે જણા નવ વાગે જ સ્થળ પર પહોંચેલા. સાહેદ જણાવે છે કે તેઓ તે જ વિસ્તારમાં હતા અને બાતમી મળેલી હતી. અને બનાવવાળી જગ્યા મેઇન હાઇવે રોડ છે અને વાહનોની અવર જવર ચાલુ હોય છે. અને બનાવવાળી જગ્યાની આજુબાજુ ગલ્લા આવેલા છે. અને તેઓની ફરીયાદમાં મુદામાલનો બેંચ નંબર બતાવેલ નથી. તેઓની ફરીયાદમાં પંચોના નામ સરનામા બતાવેલ નથી. એ વાત

અસ્વીકારેલ છે કે, તેઓની હાજરીમાં કોઇ પંચનામુ થયેલ નથી. એ વાત સ્વીકારેલ છે કે, મુદામાલ તેઓની હાજરીમાં એફ.એસ.એલ.માં મોકલેલ હોય તેવું બનેલ નથી. એ વાત અસ્વીકારેલ છે કે, તેઓને કોઇ બાતમી મળેલ નથી કે તેઓ આવી કોઇ રેડમાં ગયેલ નથી. અને તેઓની હાજરીમાં કોઇ મુદામાલ કબજે લીધેલ નથી. તેઓ બનાવવાળી જગ્યાએ આશરે પોણો કલાક રોકાયેલા. એ વાત સ્વીકારેલ છે કે, બનાવ સમયે અંધારુ હતું.અને રેડમાં સાથે લઇ ગયેલા વાહનના કોઇ કાગળો તેઓએ ચાર્જશીટ સાથે રજુ રાખેલા નથી. અને તેઓએ પોલીસ સાહેદો સિવાય અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. એ વાત અસ્વીકારેલ છે કે, તેઓના કહેવાથી ખોટી ફરીયાદ આપવામાં આવેલી છે. અને ખોટી તપાસ કરી, આરોપીઓ સામે કોઇ જ પુરતા પુરાવા ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ છે.

૯. આમ, ઉપરોકત તમામ રજુ થયેલ સાહેદોના પુરાવાઓનુ સંયુકત મુલ્યાંકન કરવામાં આવે તો, સદર કામે તપાસ કરનાર અધીકારી તે પોલીસ સાહેદ હોવાથી તેઓએ પોતાની ફરજના ભાગરૂપે કાર્યવાહી કરી, ફરીયાદ આપી તેમજ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો પડતા અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી, કોર્ટ રૂબરૂ પોતાની સોગંદ ઉપર જુબાની રજુ કરેલ છે. ત્યારે તમામ સાહેદોના પુરાવાઓનુ સંયુકત મુલ્યાંકન કરવામાં આવે તો, સદર કહેવાતી બનાવવાળી જગ્યા જાહેર રોડ વિસ્તાર હોય જયાં માણસો ની વસ્તી વાળો તથા માણસોની સતત અવરજવર વાળો વિસ્તાર હોય સ્વતંત્ર તથા તટસ્થ સાહેદો સહેલાઇથી તેમજ સરળતાથી મળી રહે તેમ હોવા છતાં તેઓએ સદર ગુનાના કામે કોઇ સ્વતંત્ર તથા તટસ્થ સાહેદોના કોઇ નિવેદનો નોંધેલ નથી કે તેવા કોઇ સ્વતંત્ર તથા તટસ્થ સાહેદોને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસેલા નથી. આ કામે પંચોની હાજરીમાં કાર્યવાહી કરેલી તેવું સાહેદોની જુબાનીમાં ખુલેલ હોય પરંતુ પંચો હોસ્ટાઇલ હોય, કહેવાતો મુદામાલ આ કહેવાતા આરોપીઓના પ્રત્યક્ષ કબ્જા વાળી ગાડીમાંથી કહેવાતા સાહેદોની હાજરીમાજ મળી આવેલ અને પંચનામા ની વીગતે કબ્જે લેવામા આવેલ તેવું સાબીત થતુ નથી. તેવા સંજોગો મા સ્વતંત્ર તથા તટસ્થ સાહેદોના પુરાવાના અભાવ હોય, તેનો લાભ આરોપીઓને આપવા પાત્ર જણાઇ આવે છે.

૧૦. વધુમાં સદર કહેવાની ગુનાવાળી જગ્યાએથી કબજે લેવામાં આવેલ દારૂનો

મુદામાલને એફ.એસ.એલ. ખાતે મોકલી તેનું પરીક્ષણ કરવામાં આવેલ નથી કે જે આધારે એ સાબિત થઇ શકે કે, ફરીયાદપક્ષે જે મુદામાલ દારૂ હોવાનું માનીને કબજે લેવામાં આવેલ છે તે ખરેખર દારૂ જ હતો તે બાબતે ફરીયાદપક્ષે કોઇ રીપોર્ટ કે આધાર પુરાવાઓ રજુ રાખેલ નથી કે તેવા કોઇ એક્ષપર્ટનો અભિપ્રાય પણ સદર ગુનાના કામે રજુ કરેલ નથી તેવા કોઇ એક્ષપર્ટને સદર ગુનાના કામે કોર્ટ રૂબરૂ તપાસેલા નથી કે જેથી એમ સાબિત થઇ શકે કે, ફરીયાદપક્ષે આરોપીઓ પાસેથી કબજે લીધેલ મુદામાલ તે દારૂ જ હતો. વધુમાં આ કામે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ તમામ સાહેદો દવારા બનાવ સમયે પકડાયેલ મુદામાલને ચકાસણી માટે વિજ્ઞાન પ્ર યોગશાળામાં મોકલેલ હોય તેવી અને તેવો રીપોર્ટ પરત મેળવેલ હોય તેવી કોઇ જ હકીકત જણાવેલ ના હોય ખરેખર આ મુદામાલ ની ચકાસણી થયેલ કે કેમ ? આ સાહેદોના પુરાવાથી ફલીત થતુ નથી. જેથી આદેશાત્મક જોગવાઇઓનું પાલન થયેલ ના હોય તેનો લાભ આરોપીઓને મળવાપાત્ર જણાય છે.

**૧૧.** વધુમા જોવામા આવે તો, કાયદાનો એ સ્થાપિત સિધ્ધાંત છે કે શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે કાનુની પુરાવાનું સ્થાન લઇ શકે નહીં. વધુમાં ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાય શાસ્ત્રનાં સિધ્ધાંતો પ્રમાણે પ્રોસીકયુશને પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિઃશંકાપણે પુરવાર કરવાનો હોય છે તથા પ્રોસીકયુશન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ પરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઇ આવતુ હોય કે આરોપી એ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઇ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો ગુનો આરોપીએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહીં. જેથી ફરીયાદપક્ષમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવા નો હોય છે. આમ, ઉપરોકત કરેલ ચર્ચા કારણોસર આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવું ન્યાયોચિત જણાતુ નથી. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે " કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ" એ.આઇ.આર. ૨૦૧૨, એસ.સી.પાન નંબર–૭૮૬ ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા –૨૮માં એમ ઠરાવેલ છે કે, "It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be

innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offense' and 'must have committed the offense' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699: (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294: (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83: (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India." આમ, અહી આક્ષેપીત આરોપી વીરુઘ્ઘ સબળ પુરાવોના હોય ફરીયાદ પક્ષ શંકાથી પર રહીને પોતાનો કેસ સાબીત કરી શકેલ નથી.

**૧૨.** વધુમા જોવામા આવે તો, ફરીયાદપક્ષ દવારા પંચોની હાજરીમાં મુદામાલ વિદેશી દારૂ પકડેલ હોવાનુ જણાવેલ છે. આ કામે કહેવાતી રેઇડ દરમ્યાન પંચ સાહેદોના નામ સરનામા જાહેર થઇ ગયેલ છે. તેમ છતા ફરીયાદીએ તેઓની આંક–૧૪ વાળી ફરીયાદમાં પંચ સાહેદોના નામ સરનામા જણાવેલ નથી. પંચનામુ અગાઉ થયેલ હોવા છતાં કોઇ પંચના નામ નાતો ફરીયાદ કે નિવેદનોમાં પણ જણાવવામાં આવેલ નથી. જેથી બનાવ સમયે પંચોની સ્થળ ઉપર હાજરી હોવા બાબતે શંકા ઉપસ્થીત થાય છે. અને શંકા કયારેય પુરાવાનુ સ્થાન લઈ શકે નહી. આ કામે દરેક સાહેદે પોત–પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે બનાવવાળી ગાડી આરોપીની હોય તેવો કોઇ

આધાર પુરાવો તેઓએ કબજે લીધેલ નથી.આમ કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. ત્યારે તથા જયાંથી મુદામાલ મળી આવેલ છે. તેનો માલીકી આધાર મેળવેલ નથી. ત્યારે આવા મહત્વના પુરાવાના અભાવે ફરીયાદપક્ષ તેઓની ફરીયાદીની હકીકત વ્યાજબી શંકા થી પર પુરવાર કરી શકેલ ન હોવાનુ ફલિત થાય છે. વધુમાં જયારે પંચો હોસ્ટાઇલ છે. ત્યારે આ હેતુસર નામદાર ગુજરાત હાઈકોર્ટનો દીલીપ સાંસી વીરુઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત રાજય નો ચુકાદો માનસહ વંચાણે લઈએ તો, તેમા નામદાર કોર્ટે ઠરાવેલ છે કે, " (1) Panch witnesses have not supported the prosecution and thereby recovery from the given place is not proved. (2) There is no independent witness except complainant, who is Police Officer stating that liquor was seized from the given place during raid. (3) Presumption u/s. 116B is not proper in as much as there is no proof and evidence on record either regarding actual possession of seized liquor from the applicant or quality and quantity of liquor alleged to be seized and even there is no confirmation about the ownership of the place by the applicant, so as to connect the applicant with the place and seizure itself." આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા મુજબ સ્વતંત્ર તથા પંચ સાહેદોના પુરાવાના અભાવે પોલીસ કાર્યવાહીની સત્યતા માની શકાય નહી. અહી હાથ પરના કેસમા પણ જયારે આ રીતે પંચો હોસ્ટાઈલ હોય તયારે રીકવરી તેમની રુબરુ જ કરવામા આવેલી તેવુ માની શકાય નહી. આ અદાલત તે રીતે પોલીસ કામગીરી ને તથા પુરાવાને નકારતી નથી પરંતુ તે સાહેદોના પુરાવાની સાથે પંચ દ્રારા કોઈ સમર્થનકારી પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ નથી જેથી માત્ર આ સાહેદોની જુબાનીના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**૧૩.** વધુમાં પકડાયેલ મુદામાલનું પરીક્ષણ કરાવી કોઇ રીપોર્ટ મેળવેલ નથી. વધુમા આ કામે તપાસ કરનાર અધીકારી એ પોતાની મૌખીક જુબાનીમા તક હોવા છતા આવો કોઈ મુદામાલ તપાસ હેતુ મોકલેલ છેકે કેમ તે જણાવેલ નથી. અને મોકલેલ છે તો કયા માઘ્યમ થી અને કયારે મોકલેલ

છે અને એનો રીપોર્ટ હાલ સુધી આવેલ છેકે કેમ ? કે આવો કોઈ રીપોર્ટ મેળવવા યાદી કે રીમાઈન્ડર કરાયેલ છે કે કેમ ?, તેવી કોઈ વીગત જણાવતા નથી. આમ મુદદામાલ અંગે તેઓ સુચક રીતે મોન રહેલ છે.જે તમામ હકીકતો ધ્યાને લેતા પકડાયેલ મુદ્દામાલ દારૂ હોવા બાબતે શંકા ઉદભવે છે. વધુમા પકડાયેલ મુદદામાલ જે તે વીસ્તાર માથી પકડયાનો આક્ષેપ હોવા છતા આ કામે ત્યાના કોઈ સ્થાનીકો ના આ બાબતે નીવેદન મેળવાયેલ નથી. આમ એ રીતે અપુરતી તપાસના લીધે પણ આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. અને આવી અધુરી તપાસ કોર્ટ કાર્યવાહીના પણ દુરપયોગ સમાન છે.

આમ, ફરીયાદપક્ષે આરોપી સામે મુકેલ આક્ષેપો વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ નથી. આમ, ઉપરોકત કરેલ ચર્ચા તથા ફરીયાદપક્ષ દવારા રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવાને ધ્યાને લેતા, ફરીયાદપક્ષે તેઓના કેસની હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ ન હોય, કે જે એમ સાબિત કરી શકે કે, આ કામના આરોપીઓએ તા. ૨૧/૧૨/૨૦૧૭ના કલાક ૨૨:૪૫ વાગ્યે મોજે ખોરજ અદાણી શાતીગ્રામ કટ પાસે ટી.વી.એસ કંપનીનું વીકટર બ્લયુ કલરનું જેનો નંબર આર.જે.૧૨ એસ.આર.૪૫૧૭ ઉપર ગેરકાયદેસર અને વગરપાસ પરમીટે વિદેશી દારૂની બોટલ નંગ ૪ કિં.રૂ.૧૬૦૦/– નો નો પકડાઇ જઇ, પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઇ), ૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબનો ગુનો કરેલ હોય તેવી કોઇ હકીકત સાબિત થતી નથી.

આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષ દવારા રજુ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લેતા, ફરીયાદપક્ષે તેઓના કેસની હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ ન હોય, તેથી ફરીયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપિત ગુનો શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય, આથી મુદા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: **હુકમ** ::

૧. આ કામના આરોપીઓ ૧) શૈલેષભાઇ ભેરૂલાલ લબાના, ૨) મીથુન દીલીપભાઇ દરજી હાલ રહે.થલતેજ સિધુભવન ઔડાના મકાન મ.નં.૧૨૦૪ અમદાવાદ. મુળ રહે. પીઠ ગામ તા.સીમલવાડા

જી.ડુગરપુર રાજય રાજસ્થાન.નાઓને પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબના ગુન્હા સબબ ક્રિ.પ્રો.કોડ કલમ–૨૪૮(૧) હેઠળ શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીના અગાઉ ના જાતમુચરકા તથા જામીન અપીલ ના હેતુસર ચાલુ રાખવાનો હુકમ કરવામા આવે છે.

૩. બીનકીમતી મુદદામાલ તથા દારુના મુદામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો આથી હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

ગાંધીનગર
તા. ૦૨/૧૨/૨૦૨૫

(એફ.એન.સોલંકી)
ત્રીજા એડી. સીવીલ જજ અને જે.એમ.એફ.સી.
(જજ કોડ–જી.જે૦૧૫૫૨)